સરકારી વિનયન કૉલેજ અમીરગઢ.

<u>ખાસ શિબિર -2022-23 - કાકવાડાનો સંક્ષિપ્ત અહેવાલ</u>

અત્રેની સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ - N.S.S.ની વર્ષ -2022-23ની ખાસ શિબિર અમીરગઢ તાલુકાના કાકવાડા મુકામે તા- 20/02/2023 થી 26/02/2023 દરમિયાન યોજાઇ હતી. જેમાં કુલ 50 શિબિરાર્થીઓ, પ્રોગ્રામ ઓફિસર ડો.મંજુલાબેન પરમાર તથા સહાયક સ્ટાફ ગણ જોડાયા હતા.

શિબિરના ઉદ્ઘાટન સમારોહમાં અધ્યક્ષ તરીકે ડૉ.નયન સોનારા, આચાર્યશ્રી સરકારી વિનયન કોલેજ અમીરગઢ તથા ઉદ્ઘાટક તરીકે અમીરગઢ મામલતદાર શ્રી વી.જે. રાવલ તેમજ મુખ્ય મહેમાન તરીકે ડૉ. હર્ષદભાઈ પરમાર, આચાર્યશ્રી સરકારી વિનયન કોલેજ વાવ તથા, શ્રી નીતિન ભાઈ રાવત – કોરીયોગ્રાફર તથા વ્યસન મુક્તિ અભિયાનના કલાકાર, ગામના આગેવાનો તથા ગ્રામજનો તેમજ  સરકારી વિનયન કોલેજ અમીરગઢનો સમગ્ર સ્ટાફ ગણ તેમજ પ્રાથમિક શાળા ઝાંઝરવાનો તમામ સ્ટાફ ગણ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. મુકેશ આઢા દ્વારા કરવામાં આવ્યું હતું. આભાર વિધિ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. મંજુલાબેન પરમારે કરી હતી.

ઉદ્ઘાટન સમારોહ બાદ ગામનો ભૌગોલિક પરિચય મેળવ્યો હતો. તથા ટુકડીનું વિભાજન કરવામાં આવ્યુ હતું. સ્વયંસેવકો દ્વારા ગ્રામ સંપર્ક કરવામાં આવ્યો હતો. તથા રેલી કાઢવામાં આવી હતી. જેમાં ' મારુ ગામ – સ્વચ્છ ગામ', 'ગંદકી દૂર કરો', 'ગંદવાડ ત્યાં મંદવાડ' જેવા  સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ ના આદેશ અનુસાર આઝાદી કા અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ – શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ યોજના અંતર્ગત વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. પર્યાવરણ, સ્વચ્છતા, જળ સંરક્ષણ તેમજ જળસંચય અન્વયે સફાઈ અભિયાન તથા જળ બચાઓ વિષય પર રેલી કરવામાં આવી હતી. તથા સ્વયં સેવકો દ્વારા સમજાવવામાં આવ્યું હતું કે પર્યાવરણ તથા જળ સંચય  માટે ફળાઉ તેમજ ઔષધ વૃક્ષોનું વાવેતર વધે તેવા પ્રયાસ કરવા, હયાત વૃક્ષોની જાળવણી, ગ્રીન વિલેજ - ક્લીન વિલેજ, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ અટકાવવા બાબત, બાયોગેસ નો ઉપયોગ, ગામમાં ખેત તલાવડીનું નિર્માણ કરવા, કૂવા રિચાર્જ કરવા તેમજ વરસાદી પાણી જમીનમાં ઉતારવા બાબતે વિદ્યાર્થીઓ દ્વારા લોકોને પ્રેરિત કરવામાં આવ્યા હતા.

ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અંતર્ગત- દેશી ગાયના જતન તેમજ સંવર્ધન ની કામગીરી દ્વારા લોકો રાસાયણિક ખાતર અને કીટ નાશકોના ઉપયોગના બદલે ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. રાસાયણિક ખાતરના વધુ પડતાં ઉપયોગથી જમીનને થતાં નુકશાન બાબતની જાણકારી તેમજ પ્રાકૃતિક ખેતીના પાકની ગુણવત્તા બાબતે જાણકારી આપવામાં આવી હતી. અમીરગઢ સરકારી પશુ દવાખાનાના સહયોગથી પશુ સારવાર કેમ્પ યોજાયો હતો.

નશાબંધી તેમજ કુરિવાજ નિવારણ ( દહેજ પ્રથા તેમજ ભૃણ હત્યા નિવારણ ) બાબતે જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યા હતા. દારૂ, તમાકુ તથા ડ્રગ્સના ઉપયોગથી આરોગ્ય ને થતું નુકશાન સમજાવવા માટે વ્યસન મુક્તિનું નાટક તથા જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવ્યું હતું. તથા વ્યસન મુક્તિ અંગે જન જાગૃતિ રેલી કાઢવામાં આવી હતી. શ્રી નીતિનભાઈ રાવત દ્વારા જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. શ્રી દીકરા અને દીકરીઓના જન્મના પ્રમાણમાં તફાવત દૂર થાય

તેમજ ભૃણ હત્યા અટકાવવા લોક જાગૃતિ કેળવાય, તેમજ " ભણેલી દીકરી બે કૂળ તારે " એ અંગે જાગૃતિ અંગે તથા દીકરીઓના લગ્ન પ્રસંગે દહેજ પ્રથા નાબૂદ થાય તેમજ દહેજ આપવા કરતાં દીકરીઓ સ્વાભિમાન સાથે જીવન પસાર કરી શકે તે બાબતે લોકોને જાગૃત કરવા કોલેજની વિદ્યાર્થિની અગ્રવાલ ડીમ્પલે વક્તવ્ય આપ્યું હતું. મહિલા અને બાળ વિભાગની કચેરી પાલનપુર દ્વારા મહિલાઓ માટે ઘરેલુ હિંસા તથા માનસિક સ્વાસ્થ્ય અંગે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શ્રીમતી જિજ્ઞાસાબેન જોષીએ સખી વન સ્ટોપ સેન્ટર અંગે માહિતી આપી હતી. પાલનપુર ના પેડ મેન મધુબેન પટેલ તથા તેમની ટીમ દ્વારા કિશોરીઓ, યુવતીઓ તેમજ મહિલાઓને માસિક સમયની સ્વચ્છતા તેમજ પેડ ના ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આઈ.સી.ડી.એસ. વિભાગ, તાલુકા પંચાયત અમીરગઢના સહયોગથી ડ્રોપ આઉટ તેમજ કૂ-પોષિત કિશોરીઓ માટે માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો.

ફીટ ઈન્ડિયા– અંતર્ગત ડૉ. પ્રીતિ દવે, ફૂડ એન્ડ ન્યૂટ્રીશીયન વિભાગ, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા સંતુલિત આહાર અને કૂ-પોષણ નિવારણ માટે ધાન્યોનું મહત્વ વિષે કાર્યક્રમ યોજાયો હતો. આ ઉપરાંત  રમત-ગમત તેમજ ખેલકૂદ ને ઉત્તેજન આપવા વિદ્યાર્થીઓને સાક્ષરી વિષયોના અભ્યાસ ઉપરાંત રમત ગમત ક્ષેત્રે રસ અને રુચિ કેળવાય તેમજ શરીર સ્વાસ્થ્ય અને ફીટનેશ અંગે જાગૃત બને તેમજ ખેલકૂદની સ્પર્ધાઓમાં મહત્તમ વિદ્યાર્થીઓ જોડાય તેમજ વિદ્યાર્થીઓનો બહુમુખી વિકાસ થાય તે માટે  વિવિધ રમતો રમાડી હતી. આઝાદી પ્રાપ્તિમાં સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાન તેમજ જીવન પરિચય અંગે તથા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર ભક્તિની ભાવના વિકસે તે માટે આઝાદીના લડવૈયાઓના સંઘર્ષ અને જીવન વિષે ચર્ચા સભા તેમજ  શાળામાં શૌર્ય ગાન કરાવવામાં આવ્યું હતું  તથા શ્રી મુસ્તુખાન સુખ, લોકસારથી ફાઉન્ડેશન ,ખાટી સિતારા દ્વારા " ગ્રામ વિકાસ અને ગાંધીજી " વિષે સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. આ ઉપરાંત નિયમિત યોગ, કસરત, શ્રમકાર્ય, રસોઈ, સમૂહ ભોજન, સાંસ્કૃતિક કાર્યક્રમ, ભજન સંધ્યા ગ્રામ સંપર્ક,બૌદ્ધિક વ્યાખ્યાનો, ભીંત સૂત્ર લેખન, શેરી શણગાર તથા રમત-ગમત જેવા કાર્યક્રમો યોજાયા હતા.

તાલુકા પંચાયત અમીરગઢ, શ્રી જીગર ભાઈ પટેલ, તાલુકા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શનથી ગ્રામ સર્વે કર્યો હતો. જેમાં મિશન અંત્યોદય– 2 અંતર્ગત ઈશવાણી વિસ્તારમાં ઝૂંપડે ઝૂંપડે ફરીને મોબાઈલ એપ્લીકેશન દ્વારા સ્વયં સેવકોએ સર્વે કર્યો હતો.

તા-25/02/2023ના રોજ સમાપન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કામધેનુ યુનિ.દાંતીવાડા ક્લીનિક્સ વિભાગના ડૉ. પ્રકાશ ચૌહાણ તેમજ સ્થાનિક મંદિરના મહંત કુલદીપગીરી તથા અગ્રણી કરશનકાકા તેમજ એસ.એમ.સી. અધ્યક્ષ અંકેશભાઈ તલાટીશ્રી ડામોરભાઈ સહિત સૌ  હાજર રહ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમો તથા પરંપરાગત સંસ્કૃતિ ને ઉજાગર કરતાં ગીતો તથા દેશી ઢોલ સાથે ધૂમ મચાવી હતી. કોલેજના દરેક સ્ટાફ ગણના સહકારથી કાર્યક્રમ સંપન્ન થયો હતો. સમગ્ર કાર્યક્રમ ની આભારવિધિ  N.S.S. પ્રોગ્રામ ઓફિસર ડો.મંજુલાબેન વી. પરમારે કરી હતી.

# ઉદ્ઘાટન સમારોહ



















જન જાગૃતિ રેલીઓ તથા સફાઈ અભિયાન









## મહિલા જાગૃતિ કાર્યક્રમ






## રસોઈ તથા સમૂહ ભોજન















રાષ્ટ્રીય સેવા યોજના











ગ્રામ સંપર્ક તથા સર્વે





## પશુ સારવાર કેમ્પ






## સમાપન સમારોહ













# સરકારીવિનયનકોલેજઅમીરગઢએન. એસ. એસ.ની વાર્ષિક શિબીર યોજાઈ

(અરવિંદસિંહ દરબાર)

બી.કે.ન્યુઝ : અમીરગઢ

સરકારી વિનયન કોલેજ અમીરગઢ એન. એસ. એસ.ની વાર્ષિક શિબીર કાકવાડા મુકામે યોજાઈ હતી. જેમાં અમીરગઢ મામલતદારશ્રીએ કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યુ હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓમાં દ્વારા શિક્ષણ, સમાજ, પર્યાવરણ, જળ બચાવો, મતદાન જાગૃતિ,વ્યસન મુક્તિ, પ્લાષ્ટિક મુક્ત અભિયાન, સ્વચ્છતા અભિયાન, મહિલા સશક્તિકરણ, કુપ ોષણ નિવારણ, પ્રાકૃતિક ખેતી,સરકારી યોજના અંગે જાગૃતિ, આરોગ્ય તેમજ પશુ સારવાર જેવા કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

આ કેમ્પમાં વાવ કોલેજના આચાર્ય, કાકવાડા ગામના જાગૃત નાગરિકો, શાળા તેમજ કોલેજનો સ્ટાફ તથા સ્વયં સેવકો જોડાયા હતા. સમગ્ર સ્ટાફના સહકારથી કાર્યક્રમ સંપન્ન થયો હતો. કાર્યક્રમનું આયોજન આચાર્ય ડો. નયન સોનારાના માર્ગદર્શન તળે એન.એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. મંજુલા પરમારે કર્યુ હતું.

